# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


SGCCI

Ref no. PN 2026-27/106 Dt. 15/09/2026

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ભોપાલમાં કુર્મી-પાટીદાર સમાજની રાષ્ટ્રીય સંગોષ્ઠીમાં ચેમ્બર પ્રમુખ મુખ્ય અતિથિ બન્યા

## છત્રપતિ શિવાજીથી લઈને સરદાર પટેલ સુધીના મહાનાયકો આપનાર સમાજ દેશની અન્ન સુરક્ષાનો મજબૂત આધારસ્તંભ

## નામ, બોલી અને રાજ્ય અલગ હોઈ શકે પણ મહેનત, સંસ્કૃતિ અને માટી સાથેનું જોડાણ આપણને એક તાંતણે બાંધે છે

## ખેતીથી વેપાર અને ઉદ્યોગ સુધીની સફર બાદ નવી પેઢીએ ટેક્નોલોજી, જ્ઞાન અને ગ્લોબલ લીડરશિપ તરફ આગળ વધવું પડશે

## ઈન્દોરમાં ગુજરાતી સમાજ દ્વારા ભવ્ય સન્માન; પ્રમુખે ઉજ્જૈન મહાકાલ મંદિરે શીશ ઝુકાવ્યું

સુરત/ભોપાલ, 15 સપ્ટેમ્બર 2026: મધ્ય પ્રદેશના ભોપાલ સ્થિત ગુજરાતી સમાજ ભવન ખાતે 'કુર્મી ઇતિહાસ અનુસંધાન પરિષદ' દ્વારા 12થી 15 સપ્ટેમ્બર 2026 દરમિયાન આયોજિત દ્વિતિય રાષ્ટ્રીય સંગોષ્ઠીમાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI)ના પ્રમુખ શ્રી અશોક જીરાવાલા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ રાષ્ટ્રીય સંગોષ્ઠીને સંબોધતા તેમણે કુર્મી- પાટીદાર સમાજના ઐતિહાસિક પ્રદાનની સાથે દેશની બદલાતી ડેમોગ્રાફિક સ્થિતિ (વસ્તી વિષયક માળખું) અંગે ગહન ચિંતા વ્યક્ત કરી હતી.

## 25 રાજ્યોમાં ફેલાયેલી વિરાસત, દેશની ફૂડ સિક્યુરિટીનો આધાર: અશોક જીરાવાલા

શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, "આજે હું માત્ર કોઈ એક જ્ઞાતિની વાત કરવા નથી આવ્યો, પરંતુ એક એવી ગૌરવશાળી વિરાસતની વાત કરવા આવ્યો છું જેનાં મૂળિયાં ભારતની માટીમાં ઊંડે સુધી રોપાયેલાં છે. આ સમાજે રાષ્ટ્રને છત્રપતિ શિવાજી મહારાજ અને સરદાર વલ્લભભાઈ પટેલ જેવા અગણિત મહાનાયકો આપ્યા છે. દેશના લગભગ 25 રાજ્યોમાં ક્યાંક કુર્મી, ક્યાંક કુનબી, ક્યાંક કણબી કે ક્યાંક પાટીદાર તરીકે ઓળખાતા હોઈએ, નામ કે બોલી અલગ હોઈ શકે પરંતુ મહેનતની સંસ્કૃતિ, માટી સાથેનો લગાવ અને ખુમારી આપણને જોડે છે."

તેમણે ઉમેર્યું કે, "આપણી ઓળખ માત્ર પ્રદેશ પૂરતી સીમિત નથી, પરંતુ દેશની અન્ન વ્યવસ્થા (Food Security)ના આધારસ્તંભ તરીકે છે. ખેતરમાં પરસેવો વહાવી દેશવાસીઓનું પેટ ભરવાનું પુણ્યકાર્ય આપણા પૂર્વજોએ કર્યું છે. ગુજરાતના કણબી-પાટીદારોએ ખેતીમાંથી વેપાર અને વેપારમાંથી વૈશ્વિક ઉદ્યોગો સ્થાપી પ્રગતિ સાધી છે. એક પેઢીએ જમીન બનાવી, બીજી પેઢીએ વ્યવસાય ઊભો કર્યો અને હવે આપણી આગામી પેઢીએ જ્ઞાન, ટેક્નોલોજી, કૌશલ્ય અને વૈશ્વિક નેતૃત્વ તરફ આગળ ધપવાનું છે. આપણી જમીન સાથે જોડાયેલી નજર આકાશ પર હોવી જોઈએ."

આ દ્વિતિય રાષ્ટ્રીય સંગોષ્ઠીના સફળ આયોજનમાં કુર્મી ઇતિહાસ અનુસંધાન પરિષદના મધ્ય પ્રદેશ સંયોજક શ્રી અરવિંદ સિંહ, સમન્વયક શ્રી પ્રતિપાલ પટેલ તેમજ પુસ્તકાલયાધ્યક્ષ શ્રી સર્વેશ સિંહ સહિત પરિષદના હોદ્દેદારો, વિદ્વાનો અને વિવિધ રાજ્યોમાંથી પધારેલા સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## શ્રી અશોક જીરાવાલાનું નાગરિક સન્માન; ઉજ્જૈન મહાકાલના દર્શન કર્યા

મધ્ય પ્રદેશના પ્રવાસ દરમિયાન ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાનું  ગુજરાતી સમાજ ભવન દ્વારા ઉષ્માભર્યું સ્વાગત અને ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ-વેપાર ક્ષેત્રે તેમના નેતૃત્વ તેમજ સામાજિક ક્ષેત્રે આપેલા પ્રદાન બદલ અગ્રણીઓએ પુષ્પગુચ્છ અને સ્મૃતિચિહ્ન અર્પણ કરીને તેમનું અભિવાદન કર્યું હતું.

આ પ્રવાસ દરમિયાન શ્રી અશોક જીરાવાલાએ પવિત્ર યાત્રાધામ ઉજ્જૈન પહોંચીને વિશ્વપ્રસિદ્ધ શ્રી મહાકાલેશ્વર જ્યોતિર્લિંગના ભક્તિભાવપૂર્વક દર્શન-પૂજન કરી દેશ અને સમગ્ર વેપાર-ઉદ્યોગ જગતની સુખ-સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી.